૬

# જીવવા દો અને જીવો


E9U4T3

## ચાલો, ગાઈએ ગીતડું :

પાટીમાં ઘૂંટ્યા'તા દાદાએ કક્કા ને
પપ્પા પણ વાપરતા સ્લેટ
રે! મારી પાસે છે મારું ટેબ્લેટ!
નાનકડી હતી ત્યારે મમ્મી તો ઊંચકતી
ચોપડાંનો દફતરમાં ભાર
વાત એની સાંભળીને દાદી તો હસતી
'હું ભણી છું ચોપડી જ ચાર'
મારે તો હાથવેંત પુસ્તક હજાર, બસ
ચાલુ જો હોય ઈન્ટરનેટ
રે! મારી પાસે છે મારું ટેબ્લેટ!
દાદાએ દસ વાર, પપ્પાએ પાંચ વાર,
પકડ્યા'તા સ્કૂલમાં અંગૂઠા
દાદાની ગિલ્લી ને પપ્પાના બોલબેટ
મારા તો ખેલ સૌ અનૂઠા


Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## બન્ને ચિત્રો જુઓ. ચિત્રમાં શું થઈ રહ્યું છે? કહો.



## વાર્તા વાંચો.

### ટાઈમ-ટ્રાવેલ




વિમાન જેવા દેખાતા વિચિત્ર વાહનમાં ફિન્ટી ચડી ગયો. તે વાહનમાં બેસીને સદીઓ ઉપયોગ માત્ર વિજ્ઞાનીઓ જ કરતા હતા – એ પણ માત્ર સંશોધનો કરવા માટે. જોકે ફિન્ટીએ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે એક પ્રયોગશાળા હતી. તેમાં મૂકેલું આ વિમાન (ટાઈમ શટલ) થોડી જ વારમાં શરૂ થયું. શરૂ થતાં જ તેમાંથી જબરજસ્ત અવાજ આવી રહ્યો હતો. ધીમે ધીમે તેની સ્પીડ વધી રહી હતી. ફિરદૌસે ફિન્ટીને આખો કાર્યક્રમ સમજાવવાનું શરૂ કર્યું, ''જુઓ, મિ. ફિન્ટી, અમે ટાઈમ શટલમાં ડાયનાસોરના સમયમાં પહોંચવાની ગોઠવણ કરી દીધી છે. ધ્યાન રહે, ત્યાં આપણે વિશાળ ડાયનાસોરથી લઈને નાનામાં નાના જીવની ખૂબ જ કાળજી લેવી પડશે.'' ફિન્ટી બોલ્યો, ''તે બધું તો ઠીક છે હવે! પણ માનો કે તેમાંનું કોઈ આપણા પર હુમલો કરવા આગળ વધે, તો તો પછી...'' ફિરદૌસે કહ્યું, ''અમે દરેક બાબતની ખૂબ કાળજી લેતા હોઈએ છીએ. આપણે ત્યાં ચોક્કસ જગ્યા પર ઊભા રહેવાનું છે. ત્યાં સ્થિર ઊભા રહેવાથી કોઈ પ્રાણી આપણને નુકસાન નહિ પહોંચાડી શકે. આપણે તે સમયનાં બધાં જ જીવોનું રક્ષણ કરવાનું છે. એક નાનકડી કીડીને પણ મારવાનું વિનાશક પરિણામ આવી શકે છે. મિ. દેવરાજ આપણા સલામતી અધિકારી છે. આપણે તેમની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો છે.'' ફિન્ટી મનમાં ને મનમાં બોલ્યો, ''હુઅ... કીડી!

૨૦૧૦... ૧૦૦૦... ૧૦૦... ૦... ઈ.સ. પૂર્વે ૧૦૦... ૧૦૦૦... ૧૦૦૦૦... ૧ લાખ... ૧૦ લાખ... ૧ કરોડ... ૧૦ કરોડ... એમ કરતાં કરતાં તેઓ છેક ઈ.સ. પૂર્વે ૨૪ કરોડના વર્ષમાં પહોંચી ગયાં. શટલ અટક્યું ને દરવાજો ખૂલ્યો. બહાર લીલીછમ વનરાજી અને ભેજવાળી જમીન દેખાઈ રહી હતી. સફેદ રંગના ધાતુના નિશાન બતાવી દેવરાજે કહ્યું, ''મિ. ફિન્ટી, તમારે ફક્ત આ નિશાન પર જ ચાલવાનું છે. એનાથી બહાર જવાની તમને મંજૂરી નથી.'' ફિન્ટીએ દેવરાજની વાત સાંભળી-ન સાંભળી કરી અને એક સુંદર ફૂલને જોતાં જ તેને તોડવા પોતાનો હાથ લંબાવ્યો. ફિરદૌસે તેને દેવરાજની વાત યાદ કરાવી અટકાવ્યો. ફિન્ટી બોલ્યો, ''હું તો માત્ર ફૂલ તોડી રહ્યો હતો. કાંઈ ફરક પડી જાય! હુઅ...'' પછી તે આમતેમ જોવા લાગ્યો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ડિજિટલ કેમેરા સંભાળ્યો. થોડીવારમાં ડાયનાસોર નજીક આવ્યું. તેનું શરીર ડુંગર જેવું વિશાળ હતું. ઝાડના થડ જેવા જાડા તેના પગ હતા. પેટ જોતાં એવું લાગતું હતું કે જાણે તેણે હમણાં જ એકસાથે ત્રીસ હાથી ખાધા હશે. તેના શરીરમાંથી વિચિત્ર ગંધ આવી રહી હતી. અચાનક ડાયનાસોરે માથું ફિન્ટી તરફ ફેરવ્યું અને એક ભયાનક ગર્જના કરી. આવા વિશાળકાય ડાયનાસોરને જોઈને અને તેની ભયાનક ગર્જના સાંભળીને ફિન્ટી ફફડી ગયો. તેના હાથમાંથી કૅમેરો પડી ગયો. જીવ બચાવવા તે જંગલ તરફ ભાગ્યો. થોડી જ વારમાં તે જંગલમાં ગાયબ થઈ ગયો. દેવરાજે પોતાની સ્પેશિયલ ગન વડે ડાયનાસોરને થોડી સેકન્ડ માટે બેભાન કરી દીધું. ત્રણેય ફિન્ટીને શોધવા માટે જંગલમાં ગયાં. જ્યારે પાછાં આવ્યાં ત્યારે ચારેયના પગ કાદવથી ખરડાયેલા હતા. ફિન્ટી થોડા ડર અને થોડી બેફિકરાઈ સાથે બોલ્યો, ‘‘ચાલો પાછા, મારે આવો ભયાનક પ્રવાસ નથી કરવો.’’ ત્રણેય ગુસ્સે થઈ તેની સામે જોઈ રહ્યાં.

ફિરદૌસ વહોરાએ ટાઈમ શટલમાં ફરીથી ઈ.સ. ૨૦૯૪માં જવા માટેનું સેટિંગ કર્યું. ટાઇમ શટલના ડિસપ્લે બૉર્ડ પર ટાઈમ મીટર ફરી રહ્યું હતું. ઈ.સ. પૂર્વે ૨૪ કરોડ વર્ષ... ૧૦ કરોડ... ૧ કરોડ... ૧૦ લાખ... ૧ લાખ... ૧૦૦૦૦... ૧૦૦૦... ૧૦૦... ૦... ઈ.સ. ૧૦૦... ૧૦૦૦... ૨૦૧૦... ૨૦૯૨... ૨૦૯૩... અને છેલ્લે તેઓ ઈ.સ. ૨૦૯૪ના વર્ષમાં પહોંચી ગયાં. શટલ અટક્યું ને દરવાજો ખૂલ્યો. બહાર આવીને ચારેયે જોયું તો તેઓ પ્રયોગશાળામાં નહોતાં. તેમની આસપાસ નજર પહોંચે ત્યાં સુધી ઉજ્જડ રણ ફેલાયેલું હતું. દૂરદૂર સુધી એક પણ ઝાડ દેખાતું નહોતું, પાણી નહોતું, માત્ર સૂર્યનો બળબળતો તાપ વરસી રહ્યો હતો.

ડૉ. આશા જાનીએ જોયું કે ફિન્ટીના કાદવવાળા પગ પર એક મરેલું પતંગિયું ચોંટેલું હતું.

- **વાતચીત :**
  - વાર્તામાં તમને સૌથી વધુ શું ગમ્યું?
  - વાર્તામાં તમને શું ન ગમ્યું?
  - વાર્તામાં તમને સૌથી વધુ આશ્ચર્ય ક્યારે થયું?
  - આવું થાય તે તમને શક્ય લાગે છે?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## (અ) અને (બ) ઉદાહરણ મુજબ જોડો. આ રીતે બનતું વાક્ય મોટેથી વાંચો.

| (અ) | (બ) |
|---|---|
| ૧. ફિન્ટી | A. માર્ગદર્શિકા હતાં. |
| ૨. ટાઈમ શટલ | B. જુરાસિક કાર્યક્રમ અધિકારી હતા. |
| ૩. ફિરદૌસ વહોરા | C. બેફિકર હતો. |
| ૪. આશા જાની | D. મહાકાય અને બિહામણું પ્રાણી હતું. |
| ૫. દેવરાજ | E. અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે આવેલી હતી. |
| ૬. પ્રયોગશાળા | F. ટાઈમ ટ્રાવેલ કરવાનું મશીન હતું. |
| ૭. ડાયનાસોર | G. સલામતી અધિકારી હતા. |

ઉદા. : (૧-C), (૨- ), (૩- ), (૪- ), (૫- ), (૬- ), (૭- )

## ફકરો વાંચો. નીચે આપેલાં વાક્યોમાંના લીટી દોરેલ શબ્દની નજીકનો અર્થ મળે એવા શબ્દવાળું વાક્ય ફકરામાંથી શોધી તેની નીચે લીટી કરી વાક્યનો ક્રમ લખો.

નાનકડા માહિનને ફરવા જવું બહુ ગમતું. તેની મમ્મી તેની ખૂબ જ દરકાર રાખતી. વૅકેશન પડે એ પહેલાં જ મમ્મીએ બધો બંદોબસ્ત કરી લીધો. જેવું વૅકેશન પડ્યું કે બંને પ્રવાસે નીકળી પડ્યાં. મમ્મી ગાડી ચલાવે ને માહિન બારીએથી જાતજાતનું બધું જુએ, પવનમાં પોતાનો હાથ લહેરાવે ને ખુશ થાય. અચાનક માહિનને કંઈક જુદો જ અવાજ સંભળાયો. (૧) તેને લાગ્યું કે થોડે દૂરની વેરાન જગ્યાએથી કોઈક વ્યક્તિ મદદ માટે બોલાવી રહી છે. ગાડી ઊભી રખાવીને મમ્મીને સાથે લઈ માહિન તે અવાજની દિશામાં પહોંચ્યો. કોઈક વ્યક્તિ મેલાં કપડાંમાં અને લોહીલુહાણ હાલતમાં ત્યાં પડેલી હતી. લાગતું હતું કે હમણાં જ તે ભાન ગુમાવી દેશે. મમ્મી અને માહિન બંને વિચારવા માંડ્યાં કે તેનો જીવ બચાવવા માટે શું કરી શકાય!

૧. વિમાન જેવા દેખાતા વિચિત્ર વાહનમાં ફિન્ટી ચડી ગયો.
૨. તે વાહનમાં બેસીને સદીઓ પહેલાંના અને સદીઓ પછીના સમયમાં મુસાફરી કરી શકાતી હતી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**બંને હાથ કમર પર મૂકી પગ ખસેડ્યા વગર કાનની જગ્યાએ નાક આવે ત્યાં સુધી ડાબેથી જમણે, જમણેથી ડાબે ફરો. તે પછી આપેલ વાક્ય વાંચો અને સમજો. તેના આધારે નીચેના વાક્યોમાંથી જે ખરું હોય તેની આગળ ✓ કરો અને જે ખોટું હોય તેની આગળ x કરો.**

- ફિન્ટીએ દેવરાજની વાત સાંભળી-ન સાંભળી કરી અને એક સુંદર ફૂલને જોતાં જ તેને તોડવા પોતાનો હાથ લંબાવ્યો.

( ) ફિન્ટી સરખું સાંભળી શકતો નહોતો.
( ) ફિન્ટીએ ફૂલ તોડવાનો પ્રયત્ન કર્યો.
( ) દેવરાજ ખૂબ જ ધ્યાનથી ફિન્ટીની વાત સાંભળી રહ્યો હતો.
( ) ફિન્ટી ખૂબ જ ધ્યાનથી દેવરાજની વાત સાંભળી રહ્યો હતો.
( ) ફિન્ટીએ દેવરાજે આપેલી સૂચનામાં ધ્યાન ન આપ્યું.
( ) ફિન્ટીએ ફૂલ તોડ્યું.
( ) ફિન્ટીના હાથ લાંબા હતા.
( ) ફિન્ટીને ફૂલ જોતાંની સાથે જ ગમી ગયું હતું.

- **ચાલો, ગાઈએ ગીતડું : પાટીમાં ઘૂંટ્યા'તા...**

**વિકલ્પોમાંથી સાચા અર્થવાળું વાક્ય શોધી ✓ કરો.**

**૧. એક જબરદસ્ત અવાજ સાથે શરૂ થયેલ મશીન ધીમે ધીમે પોતાની સ્પીડ વધારતું જતું હતું.**

(અ) મશીનમાંથી ધીમે ધીમે અવાજની સ્પીડ વધતી જતી હતી.
(બ) મશીનમાંથી અવાજ ધીમો આવતો હતો પણ તેની સ્પીડ વધુ હતી.
(ક) મશીનમાંથી અવાજ વધુ આવતો હતો અને તેની સ્પીડ વધતી જતી હતી.

**૨. ધ્યાન રહે, ત્યાં આપણે વિશાળ ડાયનાસોરથી લઈને નાનામાં નાના જીવની ખૂબ**

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. **એક નાનકડી કીડીને પણ મારવાનું વિનાશક પરિણામ આવી શકે છે.**

(અ) એક નાની કીડીને મારવાથી એના દરની બીજી કીડીઓનો પણ નાશ થઈ જાય છે.

(બ) એક નાની કીડીને મારવાથી એના દરની બીજી કીડીઓ આપણો વિનાશ કરી દે છે.

(ક) એક નાની કીડીનો જીવ પણ પૃથ્વી પરના જીવનચક્ર (લાઇફ સાયકલ) માટે ખૂબ અગત્યનો હોય છે.

૪. **ફિન્ટીના કાદવવાળા પગ પર એક મરેલું પતંગિયું ચોંટેલું હતું.**

(અ) કાદવને કારણે મરેલું પતંગિયું ફિન્ટીના પગ પર ચોંટી ગયું હતું.

(બ) ફિન્ટીને કાદવવાળું પતંગિયું ગમ્યું હતું. આથી તેણે તેને પોતાના પગ પર ચોંટાડ્યું.

(ક) ના પાડવા છતાં ફિન્ટીએ તે સમયના એક જીવને નુકસાન પહોંચાડ્યું હતું.

૫. **તેમની આસપાસ નજર પહોંચે ત્યાં સુધી ઉજ્જડ રણ ફેલાયેલું હતું... ફિન્ટીના કાદવવાળા પગ પર એક મરેલું પતંગિયું ચોંટેલું હતું.**

(અ) ટાઈમ શટલ ચારેયને કોઈક બીજા સ્થળે લઈ ગયું હતું.

(બ) ટાઈમ શટલ ભૂલથી ઈ.સ. પૂર્વે ૨૪ કરોડ કરતાંય જૂનાં વર્ષોમાં જતું રહ્યું હતું.

(ક) એક પતંગિયાના મૃત્યુથી જીવનચક્ર પર અસર થઈ. તેના પરિણામે અનેક વર્ષો પછી શહેર ઉજ્જડ બની ગયું હતું.

**આવું વાક્ય કોણ બોલી શકે? કૌંસમાંથી શોધીને લખો.**

(મિ. ફિરદૌસ વહોરા, પતંગિયું, ડૉ. આશા જાની, ડાયનાસોર, ટાઈમ શટલ)

૧. ફિન્ટી, હું હમણાં તને ખાઈ જઈશ. ____________________

૨. હું તમને એક પછી એક દરેક જગ્યા જોવા લઈ જઈશ. ____________________

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સાચા વિકલ્પની સામે ✓ કરો.

૧. ફિન્ટીએ ટાઈમ શટલમાં બેસીને કયા સમયમાં મુસાફરી કરી હતી?
( ) જે સમયમાં હતો તેના પછીના સમયમાં
( ) જે સમયમાં હતો તેના પહેલાંના સમયમાં
( ) પહેલાના સમય કરતાં પહેલાંના સમયમાં

૨. વિજ્ઞાનીઓ ટાઈમ શટલનો ઉપયોગ શાને માટે કરતા હતા?
( ) ડાયનાસોર જોવા માટે
( ) એક દેશમાંથી બીજા દેશમાં જવા માટે
( ) સંશોધન કરવા માટે

૩. ફિન્ટી કીડી જેવા જીવજંતુઓ વિશે શું માનતો હતો?
( ) કીડી જીવે કે ન જીવે શો ફેર પડે?
( ) કીડીને પગ નીચે કચડીએ તો જીવનચક્ર પર અસર થાય.
( ) એક નાનકડી કીડીને પણ મારવાનું વિનાશક પરિણામ આવી શકે છે.

૪. ટાઈમ શટલ વર્ષ ૨૦૯૪માં પાછું આવ્યું ત્યારે ત્યાં મોટા શહેરની જગ્યાએ ઉજ્જડ રણ કેમ બની ગયું હશે?
( ) ફિન્ટી જેવા કેટલાય લોકો એ બધા જીવોનું રક્ષણ કરતાં નહોતા એટલે પૃથ્વી પરના જીવો નાશ પામ્યા હતા.
( ) વિજ્ઞાનીઓએ વિચાર્યું કે ફિન્ટીને વર્ષ ૨૦૯૪નું રણ બતાવીએ.
( ) હવે પછી વર્ષ ૨૦૯૪ના વર્ષમાં ડાયનાસોર હોવાની સૌને ધારણા હતી.

## બે-ત્રણ વાક્યમાં જવાબ લખો.

૧. ટાઈમ શટલ વિશે લખો.
૨. ડાયનાસોર કેવું દેખાતું હતું?
૩. ડાયનાસોરને જોઈને ફિન્ટીએ શું કર્યું?
૪. ફિન્ટીની સાથે સલામતી અધિકારી મિ. દેવરાજને કેમ મોકલવામાં આવ્યા હતા?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(   ) એક વિશાળકાય ડાયનાસોર આવ્યું.
(   ) દેવરાજે ડાયનાસોરને બેભાન કરી દીધું.
( ૧ ) ટાઈમ શટલનું મીટર ઈ.સ. પૂર્વે ૨૪ કરોડના વર્ષમાં પહોંચ્યું.
(   ) ટાઈમ શટલનું મીટર ઈ.સ. ૨૦૯૪ના વર્ષમાં પાછું આવ્યું.

- **ચાલો, ગાઈએ ગીતડું : પાટીમાં ઘૂંટ્યા'તા...**

⬡ **નિશાની જુઓ અને વાક્યો વાંચો.**

| ⟵ અગાઉ | અત્યારે ● | હવે પછી ⟶ |
|---|---|---|
| ● અગાઉ મારી પાસે ભૂખરા લાલ રંગની પેન્સિલ હતી.<br>● તેનાથી ખૂબ જ આછા અક્ષરે લખાતું હતું. | ● અત્યારે મારી પાસે આસમાની રંગની પેન્સિલ છે. તે ગુલાબી રંગમાં પણ મળે છે.<br>● તેનાથી ઘાટા અક્ષરે લખાય છે. | ● હું હવે પછી એવી પેન્સિલ ખરીદીશ કે જે રંગબેરંગી હશે. તેના પર ચટાપટાવાળી ડિઝાઈન હશે. તેના માથે ઢીંગલાનું મોઢું હશે.<br>● તેનાથી લખવાની મને બહુ મજા પડશે માટે મારા અક્ષર પણ વધુ સુંદર થશે. |

⬡ **તમારી પાસે એવી ઘણીબધી વસ્તુઓ હશે કે જે પહેલા જુદી જાતની હતી, આજે વધુ સારી છે અને હજી વધુ સારી મેળવવાની તમારી ઈચ્છા હશે. તેના વિશે બે-બે વાક્યો બોલો.**

⬡ **વાક્યો વાંચો. વાક્યમાં અગાઉની વાત હોય તો વાક્યની પાછળ ⟵ કરો. અત્યારની વાત હોય તો ● કરો. હવે પછીની વાત હોય તો ⟶ કરો.**

૧. પતરંગાપાર્કના પ્રવાસીઓ કુક્કુટ કબીલામાં છે. ●

૨. લાડુને જોતાં જ મોટુજીની તિજોરીનું બારણું ઊઘડી જશે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૮. ફિન્ટી, ત્યાં આપણે દરેક જીવની કાળજી લેવી પડશે.

૯. મોટા માંચડા પર કબીલાના મહારાજ બિરાજમાન હતા.

૧૦. ભોપુદાદાનાં વહુએ કથરોટ ભરીને લાડુ બનાવ્યા.

## (અ) અને (બ) જોડી વાક્યો બનાવો. તે વાક્ય અગાઉનું છે./અત્યારનું છે./હવે પછીનું છે. તે લખો.

| (અ) | (બ) |
|---|---|
| હું આવતીકાલે | ખાવાનું બહુ મન થાય છે. |
| મેં ગઈકાલે ચકલીને | જાદુનો ખેલ જોવા લઈ જશે. |
| સોનલને આજે પેંડા | સંતાકૂકડી રમીશ. |
| બે વર્ષ પહેલાં મેં | ગાઈએ છીએ. |
| અમે અત્યારે ગીતો | એક રૉબોટ ખરીદ્યો હતો. |
| ભૂમિકા પરમદિવસે તથ્યને | ચીં ચીં બોલતાં સાંભળી હતી. |

૧. હું આવતીકાલે સંતાકૂકડી રમીશ. - હવે પછીનું છે.

૨. ______________ - ______________

૩. ______________ - ______________

૪. ______________ - ______________

૫. ______________ - ______________

૬. ______________ - ______________

## ખોટા શબ્દો છેકી નાખો.

૧. ગઈકાલે મેં ગુલાબજાંબુ **ખાધાં હતાં/ખાઉં છું/ખાઈશ.**

૨. પોપટ મરચું ખાય **હતું/છે/હશે.**

૩. અત્યારે અમે પાંચમા ધોરણમાં **ભણતાં હતાં/ભણીએ છીએ/ભણીશું.**

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કૌંસમાંથી યોગ્ય વિકલ્પ મૂકી પત્ર પૂર્ણ કરો.

વહાલી જોલીદીદી,

હું અહીં મજામાં ________ (હતી, છું હશે). તું પણ ત્યાં મજામાં ________ (હતી, છે, હોઈશ). તને મારો પત્ર જોઈને નવાઈ લાગી ________ (હતી, છે, હશે). મેં એક સરસ વાત કહેવા માટે તને પત્ર ________ (લખતી હતી, લખ્યો છે, લખશે). આજે અમે શાળામાં 'ટાઈમ-ટ્રાવેલ' નામની એક મસ્ત વાર્તા ભણ્યાં. તેમાં ફિન્ટી નામના એક છોકરાની વાત આવી હતી. તે 'ટાઈમ શટલ' મશીનમાં બેસીને છેક ઈ.સ. પૂર્વે ૨૪ કરોડમાં ગયો ________ (હતો, છે, હશે). તેણે ત્યાં ડાયનાસોર ________ (જોયું હતું, જોયું છે, જશે).

દીદી, તને યાદ ________ (હતું, છે, હશે) કે આપણે ઉનાળામાં ધાબે સૂતાં ________ (હતાં, છીએ, હશે) ત્યારે ચાંદા-તારાની ને આવી બધી જાતજાતની વાતો કરતાં ________ (હતાં, છીએ, હશે). જો ને! હું તો હજી આજેય આવી જ વાતો કરતી હોઉં ________ (હતી, છું, હશે). તું આવતા વૅકેશનમાં ઘરે ________ (આવતી હતી, આવતી છે, આવીશ) ત્યારે આપણે ભેગાં મળીને આવી વાર્તાઓ વાંચીશું. ચાલ, આવજે.

તારી વહાલી,

પૃથ્વી

## વિચારો અને લખો.

- **ધારો કે તમે આંબા ઉપરથી તોડવામાં આવેલી એક કાચી કેરી છો.**

૧. તમે આંબાની ડાળે લટકતાં હતાં ત્યારે તમને કેવું લાગતું હતું?

જ. ________________________________________

________________________________________

૨. તમને અત્યારે ડાળીએથી તોડીને એક છાબડીમાં મૂકી દીધેલાં છે. તમને કેવું લાગે છે?

જ. ________________________________________

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સંવાદ મોટેથી વાંચો અને ભજવો.

દાદી : હલક, જરા ટી.વી. ચાલુ કરી આપને!

હલક : દાદી, મારે પણ ટી.વી. જોવું છે.

દાદી : લે વળી! તારે અત્યારે શું જોવું છે?

હલક : મારે કાર્ટૂન જોવું છે.

દાદી : અરે! કાર્ટૂન તો આખો દિવસ આવતું જ હોય, મને અત્યારે મહાભારતની સીરિયલ જોવા દે.

હલક : સારું, તમે જોઈ લો. હું રમવા જાઉં.

દાદી : બેટા, તું પણ મારી સાથે જો ને, આજ તો પાંડવો યુદ્ધમાં જીતી જવાના છે.

હલક : ઓકે દાદી, પણ પછી હું કાર્ટૂન જોઈશ હોં!

દાદી : હા, સારું.

## કવિતા ગાઓ.

### પણ આવું કે...મ!

દુનિયા આખીમાં મારે છે
ઘણું ઘણું જોવાનું,
અહીંયાં બેસી રે'તાં મારે
શું શું નહીં ખોવાનું!
ધરતીનો છેડો છે ક્યાં ને
સૂરજ આવે ક્યાંથી?
કોયલ કાળી પોપટ લીલો
બગલો ધોળો શાથી?
શિયાળે ઠંડી છે શાને?
ગરમી કેમ ઉનાળે?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કેમ મનાતી પાકી?
ચાર પગે કેમ પશુઓ ચાલે?
પંખીને કેમ પાંખો?
આવી દુનિયા જોવા મુજને
દીધી કોણે આંખો?

**- સ્નેહરશ્મિ**

- **વાતચીત :**
  - તમને કઈ પંક્તિ ગાવાની સૌથી વધુ મજા પડી?
  - ગીતમાં આવતી બાબતોમાંથી તમને સૌથી વધુ નવાઈ કઈ બાબતમાં લાગી?
  - ગીત સિવાયની આવી બીજી કઈ કઈ બાબતોમાં તમને નવાઈ લાગે છે?
  - તમે કોઈ મોટેરાંઓને 'ધરતીનો છેડો ઘર' એવું બોલતાં સાંભળ્યાં છે? તેનો શો અર્થ થતો હશે?
  - તમને દુનિયામાં શું શું જોવાનું મન થાય છે?
  - જો તમારે ભણવાનું જ ન હોય તો તમે રોજ શું કરો, શું જુઓ, ક્યાં ક્યાં ફરવા જાઓ?

**કઈ વાતની નવાઈ છે? કવિતામાંથી શોધીને લખો.**

૧. ધરતી - ધરતીનો છેડો ક્યાં હશે?

૨. સૂરજ - ____________________

૩. કેરી - ____________________

૪. પશુ - ____________________

૫. બાળક - ____________________

**કૌંસમાંથી શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. દરેક શબ્દનો બે વખત ઉપયોગ થશે.**

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૫. કૉફી હોય તો ઠીક, ચા __________ કોઈને થોડી ભાવે?

૬. ‘ધરતીનો __________ ક્યાં હશે?’ એ પ્રશ્નનો જવાબ તમે લખ્યો કે નહિ?

૭. ફોડલી __________ તો એ પીળા રંગની દેખાવા માંડે.

૮. ભાઈ મને __________, એવું તો કદી બને જ નહિ.

**નમસ્કાર મુદ્રામાં દોઢ મિનિટ બેસો. તે પછી વિચારો અને સમજાવો.**

૧. શિયાળો શરૂ થાય ત્યારે ઠંડી પડે છે કે ઠંડી પડે છે માટે ‘શિયાળો આવ્યો’ એમ કહેવાય છે?

૨. જ્યારે વરસાદ પડે ત્યારે ‘ચોમાસું આવ્યું’ એમ કહેવાય છે?

૩. પાનખર ઋતુ એટલે શું? તે ક્યારે આવે છે?

**અભિનય ગીત ગાઓ : ‘પણ આવું કે...મ!’**

*વિદ્યાર્થીઓના બે જૂથ બનાવો. પહેલા જૂથને અભિનય સાથે પહેલી પંક્તિ ગાવા કહો. ત્યારબાદ બીજા જૂથને અભિનય સાથે બીજી પંક્તિ ગાવા કહો. આમ, સળંગ આખું અભિનય ગીત ગવડાવો.*

**એવી કઈ કઈ વસ્તુઓ છે જે કાચી હોય ત્યારે જુદા રંગની હોય છે અને પાકી જાય ત્યારે એનો રંગ બદલાઈ જાય છે? લખો.**

| વસ્તુ | કાચી હોય ત્યારનો રંગ | પાકી જાય પછીનો રંગ |
|---|---|---|
| કેરી | લીલો | પીળો |
| | | |
| | | |
| | | |
| | | |

**કોઈ તમને પૂછે તો તમે શો જવાબ આપો?**

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **ચાલો, ગાઈએ ગીતડું : પાટીમાં ઘૂંટ્યા'તા...**

**શબ્દો વાંચો. નવાઈ લાગે તેવાં વાક્યો બનાવો.**

૧. ભેંસ : કાળી, ધોળું દૂધ આપવું

વાક્ય : કાળી ભેંસ ધોળું દૂધ કેમ આપતી હશે?

૨. પોપટ : તીખું મરચું, મીઠું મીઠું - બોલે

વાક્ય : પોપટ તીખું મરચું ખાઈનેય મીઠું મીઠું કેવી રીતે બોલતો હશે?

૩. તરબૂચ : બહાર લીલું, અંદર લાલ

વાક્ય : ______

૪. કેરી : કાચી ખાટી, પાકી મીઠી

વાક્ય : ______

૫. ______ : ______

વાક્ય : ______

૬. ______ : ______

વાક્ય : ______

**આપેલા વાક્યના જેવો અર્થ દર્શાવતી પંક્તિ કવિતામાંથી શોધીને લખો.**

૧. આ આખી દુનિયામાં મારે કેટલું બધું જોવાનું છે!

દુનિયા આખીમાં મારે છે ઘણું ઘણું જોવાનું.

૨. માત્ર બેસી રહેવાથી હું ઘણું બધું ગુમાવું છું.

______

૩. મારે ઘણું બધું જાણવા માટે ઘણું બધું ભણવાનું બાકી છે.

______

૪. પશુઓ ચાર પગથી ચાલતાં હોય છે ને પંખીઓ પાંખોથી ઊડતાં હોય છે, એવું કેમ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⬡ ફકરો વાંચો. તેના આધારે આપેલ પ્રશ્નોના સાચા જવાબ સામે ✓ કરો.

આજે શહેરના મુખ્ય ફ્રૂટમાર્કેટમાં ખૂબ જ ભીડ છે. અનેક વાહનોમાં ખૂબ જ કેરી આવી છે. વેચવાવાળા બૂમો પાડી પોતાની કેરીનાં વખાણ કરી અને ભાવ બોલી-બોલી ગ્રાહકોને બોલાવી રહ્યા છે.

સવજીભાઈ : અહીં આવો! અહીં આવો! વલસાડી તોતાપુરી કેરી ૪૦ રૂપિયે કિલો લઈ જાવ!

મહિપતભાઈ : આટલી સસ્તી ક્યારેય નહિ! હાફુસ કેરી ૬૦ રૂપિયે કિલો.

મધુબહેન સારી ગુણવત્તાવાળી કેસર કેરી ૧૫૦ રૂપિયે કિલો વેચે છે. રાજારામ લંગડો કેરી ૫૦ રૂપિયે કિલો વેચે છે.

- **પ્રશ્નો :**

૧. ફ્રૂટમાર્કેટમાં ભીડ કેમ હતી?

( ) વાહનોની આવનજાવન વધી ગઈ હતી માટે.

( ) લોકો ફ્રૂટ - ખાસ તો કેરી - ખરીદવા ઊમટી પડ્યા હતા માટે.

( ) વેચવાવાળા બૂમો પાડતા હતા માટે.

૨. વેચવાવાળા પોતાની કેરીનાં વખાણ શા માટે કરતા હતા?

( ) પોતાની કેરી વખાણવાલાયક હતી માટે.

( ) કેરી પોતાની વાડીમાં ઉગાડેલી માટે.

( ) પોતાની કેરી વધુ વેચાય માટે.

૩. 'આટલી સસ્તી ક્યારેય નહિ! હાફૂસ કેરી ૬૦ રૂપિયે કિલો.' - એટલે શું?

( ) હાફૂસ કેરી સૌથી સસ્તી છે.

( ) હાફૂસ કેરી આટલી સસ્તી બીજે ક્યાંય નહિ મળે.

( ) હાફૂસ કેરી પહેલી વખત આટલી સસ્તી મળી રહી છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૫. ૫૦ રૂપિયે કિલો કેરી કોણ વેચે છે?

( ) રાજા જેવા રામભાઈ.

( ) રાજારામ નામના ભાઈ.

( ) એક જ પગે ચાલી શકતા રાજારામભાઈ.

૬. આ ફ્રૂટમાર્કેટમાં કયા કયા પ્રકારની કેરી વેચાય છે?

( ) હાફૂસ ( ) કેસર ( ) દશેરી

( ) લંગડો ( ) તોતાપુરી ( ) બદામ

## હસવું છે? તો વાંચો.

૧. શિક્ષક : આ પક્ષીના પગ જોઈને તેનું નામ લખો.

તથ્ય : મને નથી ખબર.

શિક્ષક : તું ફેઈલ. તારું નામ શું છે?

તથ્ય : મારા પગ જોઈને લખી લો.

૨. પિતા : દેવર્ષ, આજનું છાપું ક્યાં છે?

દેવર્ષ : એ તો હું ગઈકાલથી શોધું છું પણ નથી મળતું.

## શબ્દપોટલીમાં શબ્દ ભરો.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## લગભગ સરખા :

**અટકવું**-પ્રવૃત્તિ બંધ પડવી; **અમલ કરવું**-હુકમ પ્રમાણે કાર્ય કરવું; **આમતેમ**-અહીંતહીં; **આવનજાવન**-આવજા; **આશ્ચર્ય**-નવાઈ; ઉજ્જડ-વેરાન; **ઊમટવું**-એકસામટા જથ્થામાં આવવું; **ઊંચકવું**-ઉપાડવું, ઉઠાવવું; **કબીલો**-કુટુંબ, પરિવાર; **કાદવ**-કીચડ; **કાળજી લેવી** દરકાર રાખવી; **ખરડવું**-મેલું કરવું, બગાડવું; **ગાજવીજ**-વાદળાંની ગર્જના અને વીજળી; **ગિલ્લી**-ગિલ્લીદંડાની રમતમાં નાનો લાકડાનો કકડો, મોઈ; **ગુણવત્તા**-ઉત્તમતા; **ગોઠવણ**-બંદોબસ્ત; **ઘૂંટવું**-પુનરાવર્તનથી પાકું કરવું; **ચુસ્ત**-દૃઢ; **ચોક્કસ**-નક્કી, બરાબર; **ચોંટવું** વળગવું; **છાપું**-વર્તમાનપત્ર; **છાબડી**-વાંસની છીછરી ટોપલી; **છેડો**-અંતનો ભાગ, પાલવ; **જીવ**-શરીરનું ચેતનતત્ત્વ, કોઈ પણ પ્રાણી; **જેવડું**-અમુક કદ કે માપનું; **ઝાલવું**-પકડવું; **તણખો**-દેવતાની ચિનગારી; **થડ**-ઝાડનો મૂળથી ઉપરનો જાડો ભાગ જેમાંથી ડાળી ફૂટે છે; **દફતર**-વિદ્યાર્થીની ચોપડીઓ રાખવાની થેલી; **પસાર**-આરપાર ગયેલું; **પાકવું**-પરિપક્વ થવું, શરીરમાં અંદર પરુ પેદા થવું; **પાટી**-સ્લેટ; **ફફડવું**-ધ્રૂજવું, કંપવું; **ફોડલી**-ફોલ્લી, ચામડી પર ફૂટી આવતો પ્રવાહીયુક્ત કે પ્રવાહીરહિત એક વિકાર; **બળબળતું**-બાળે-દઝાડે એવું; **બાબત**-મુદ્દો; **બિહામણું**-ડરામણું, ભયંકર; **ભેગું**-સાથે; **ભૂખરું**-રાખોડિયું, રંગે ફીકું; **ભેજ**-ભીનાશ; **મહાકાય**-કદાવર, મોટા શરીરવાળું; **માત્ર**-ફક્ત, કેવળ; **માર્ગદર્શક**-રસ્તો બતાવનાર, ગાઈડ; **માંદું**-બીમાર, રોગી; **મેલું**-ગંદું; **લગભગ**-આશરે, અંદાજથી; **લપસણું**-લપસી પડાય એવું; **લીલુંછમ**-ખૂબ લીલું; **લોહીલુહાણ**-લોહીના રેલાથી ખરડાઈ ગયેલું; **વખાણ**-પ્રશંસા; **વનરાજી**-વૃક્ષોની લાંબી હાર, લાંબો જંગલનો પ્રદેશ; **વાડી**-ફળઝાડનું ખેતર; **વિનાશક**-નાશ કરનાર; **સંતાકૂકડી**-એક રમત; **સંશોધન**-જે-તે વિષયનો ઊંડો અભ્યાસ; **સૂવું**-ઊંઘવું; **સ્લેટ**-પથ્થરપાટી; **હાથવેંત**-બહુ નજીક, સાવ પાસે

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in